<u>ફોજદારી કેસ નં.:૬૩૧૯/૨૦૧૯</u>

<u>આંક-૧ નીચે હુકમ:</u>

સદર કેસનું રેકર્ડ જોવામાં આવે તો, કેસ જુનો છે આરોપી સામે આક્ષેપિત ગુન્હાની સજાની જોગવાઈ ધ્યાને લેતા કેસ સમન્સ/સમરી ટ્રાયેબલ છે કેસનું રોજકામ જોવામાં આવે તો, આરોપી અને તેના જામીનદારો સામે સમયાંતરે અને વારંવાર કોર્ટ પ્રોસેસ કાઢવામાં આવેલ છે. પરંતુ આરોપી સામે કાઢવામાં આવેલ પ્રોસેસ પોલીસ તરફથી વગર બજે પરત ફરેલ છે અને આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી. કે ફરીયાદપક્ષ આરોપી કે તેઓના જામીનદારોને હાજર રખાવવામાં સફળ થયેલ નથી. આમ, સદર કેસ ઘણાં લાંબા સમયથી આરોપી ગેરહાજરીને કારણે પેન્ડીંગ છે જેથી ન્યાયિક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. આથી, આરોપી અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતું નથી.

<u>**પી.રામચંદ વિ.કર્ણાટક રાજય-૨૦૦૨ (૨) જી.એલ.આર પાના નં.૧૫૪૯**</u> ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં માનનીય સાત ન્યાયાધીશોની ખંડપીઠે ઠરાવેલ છે. કે "The Criminal Courts should exercise their available powers such as those under section 309,311,258 of the Code of Criminal Procedure 1973 to effectuate the right to speedy trial". આ ઉપરાત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નં. ૨૯૧૭/૨૦૦૬ તા.૧૭-૧૦-૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલ છે કે આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતે પોલીસ તંત્રને મર્યાદીત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સ.આર.પી.સી.કલમ: ૨૫૮ અન્વયે મળેલ સત્તાઓનો ઉપયોગ કરે.

આથી કેસની હકીકતો, કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપી હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ તંત્રને આપવો ઉચિત જણાતો ન હોય નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડલાઈનને ધ્યાને લેતાં, અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ-૨૫૮ની જોગવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે. આથી,નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-::: <u>હુ ક મ</u> :::-**

૧. ફોજદારી કાર્યરીતી સહિતા, ૧૯૭૩ની કલમ : ૨૫૮ મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીના જાતમુચરકો તથા જામીન ખત રદ કરવામાં કરવામાં આવે છે. જો આરોપીને જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ:૪૪૬ અન્વયે સરકાર શ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે. અન્યથા બીન-કિમત મુદ્દામાલ કે કિંમત મુદ્દામાલ જો હોય તો તેનો અપીલ સમય વિત્યા બાદ ક્રીમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે .

આ હુકમ ખુલ્લી અદાલત ની સ્પેશીયલ સીટીંગમાં આજરોજ તારીખ ૧૧ માહે ડીસેમ્બર સને ૨૦૨૧ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

I/C એડી.જયુડી.મેજી.ફ.ક
અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર